# જામનગર મહાનગરપાલિકા

સામાન્ય વહિવટ વિભાગ, બીજો માળ, મુખ્ય વહીવટી ભવન, જ્યુબીલી ગાર્ડન, લાલ બંગલા સર્કલ જામનગર - ૩૬૧૦૦૧

## જાહેરાત ક્રમાંક : ૦૫ થી ૧૧/૨૦૨૬-૨૭ અંગેની વિગતવાર સૂચનાઓ

**વેબસાઈટ એડ્રેસ :- https://www.mcjamnagar.com અને https://ojas.gujarat.gov.in**

૧. જામનગર મહાનગરપાલિકાના જનરલ સેટઅપથી મંજુર થયેલ મહેકમની જગ્યાઓ પૈકીની ખાલી રહેતી અને ખાલી થયેલી જગ્યાઓ તેમજ ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવોથી શહેરી આરોગ્ય સેવાઓનું માળખું સુવ્યવસ્થિત કરવા માટે જામનગર મહાનગરપાલિકાના ફાળે આવેલ U.P.H.C.(શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) અને U.C.H.C.(શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર) માટે ૧૦૦% ગ્રાન્ટ આધારીત જગ્યાઓ સ્પર્ધાત્મક પરીક્ષા મારફતે સીધી ભરતીથી ભરવા માટેની પ્રક્રિયામાં પસંદગી યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી OJAS વેબસાઈટ મારફત ઓનલાઈન અરજી પત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર તા.૨૮/૧૦/૨૦૨૬ (બપોરના ૧૩:૦૦ કલાક) થી તા.૧૭/૧૧/૨૦૨૬ (સમય રાત્રિના ૨૩:૫૯ કલાક સુધી) દરમ્યાન ઓન-લાઈન અરજી કરવાની રહેશે.

૨. અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. જેથી ઉમેદવાર દ્વારા અરજીપત્રક ભરતા સમયે કોઈ ભૂલ/ખોટી વિગત દર્શાવવાનું ટાળી શકાય કે જેના કારણે ઉમેદવારી રદ થવાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય.

૩. ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સૂચનાઓ જામનગર મહાનગરપાલિકાની વેબસાઇટ **https://www.mcjamnagar.com** ના રિક્રુટમેન્ટ સેક્શન પર મૂકવામાં આવશે. તેથી સમયાંતરે જામનગર મહાનગરપાલિકાની વેબસાઇટ અચૂક જોતાં રહેવું.

૪. ઓનલાઈન અરજી કરતી વખતે ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, વય, જાતિ તેમજ અન્ય લાયકાતના બધાં જ અસલ પ્રમાણપત્રો પોતાની પાસે જ રાખવાનાં રહેશે અને ઓનલાઈન અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. આમ, પોતાનાં બધાં જ પ્રમાણપત્રો જેવાં કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, કૅટેગરી (SC/ST/SEBC/EWS), માજી સૈનિક (લાગુ પડતું હોય તો) તેમજ અન્ય લાયકાતનાં અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓન-લાઈન અરજીમાં પોતાનાં પ્રમાણપત્રોને આધારે સાચી વિગતો ભરવાની રહે છે. અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી 'રદ' થવાપાત્ર બને છે. આથી, ઓનલાઈન અરજીપત્રક ઉમેદવારે કાળજીપૂર્વક ભરવાનું રહે છે.

## ૫. જગ્યાની વિગતો :-

**સંવર્ગવાર જગ્યાની વિગતો નીચે મુજબ છે.**

| જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યા | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બિન અનામત (સામાન્ય) | આર્થિક નબળા વર્ગ | અનુસૂચિત જાતિ | અનુસુચિત જનજાતિ | સા.શૈ.પ. વર્ગ | બિન અનામત | આર્થિક નબળા વર્ગ | અનુસૂચિત જાતિ | અનુસુચિત જનજાતિ | સા.શૈ.પ. વર્ગ | શારીરિક અશક્ત (દિવ્યાંગ) | માજી સૈનિક |
| ૦૫/૨૦૨૬-૨૭ ગાયનેકોલોજિસ્ટ વર્ગ-૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૬/૨૦૨૬-૨૭ પીડીયાટ્રીશીયન વર્ગ-૧ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૭/૨૦૨૬-૨૭ ફૂડ એનાલીસ્ટ વર્ગ-૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૮/૨૦૨૬-૨૭ મેડીકલ ઓફિસર વર્ગ-૨ | ૦૫ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૦૯/૨૦૨૬-૨૭ સ્ટાફ નર્સ વર્ગ-૩ | ૧૦ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૧૦/૨૦૨૬-૨૭ સિનિયર ક્લાર્ક (ટેક્સ ઇન્સ્પેકટર / રીકવરી ઓફિસર) વર્ગ-૩ | ૦૮ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૧/૨૦૨૬-૨૭ ક્લાર્ક કમ કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટર (ફાયર પ્રિવેન્શન વિંગ) વર્ગ-૩ | ૦૪ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૩૧** | **૧૨** | **૦૧** | **૦૦** | **૦૪** | **૦૬** | **૦૭** | **૦૦** | **૦૦** | **૦૧** | **૦૦** | **૦૧** | **૦૧** |

૫.૧ આ જાહેરાતમાં દર્શાવેલી જગ્યાઓમાં વધઘટ થવાની શક્યતા રહેલી હોઈ, જગ્યાઓમાં વધઘટ થઈ શકશે.

૫.૨ અનામત જગ્યાઓ મૂળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે.

૫.૩ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૪ ના જાહેરનામા ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨/૧૩/ગ.૨ (ભાગ-૧) ની જોગવાઈઓ ધ્યાને લઈને મહિલાઓ માટે અનામત જગ્યાઓ રાખવામાં આવી છે. મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો, તે જગ્યા સબંધિત કેટેગરી (બિનઅનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) ના પુરુષ ઉમેદવારથી ભરવામાં આવશે.

## ૬. નાગરિકત્વ :-

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભુતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસીત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી ૧લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઈએ અથવા

(ચ) મુળ ભારતીય વ્યકિત કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાન,પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ),બર્મા(મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો,સંયુક્ત પ્રજાસતાક ટાન્ઝાનિયા, ઝાંબિયા, મલાવી, ઝૈર, ઇથોપિયા,અથવા વિયેટનામથી સ્થળાંતર એ આવેલ હોવા જોઈએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ),(ઘ),અને (ચ),માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આવેલ હોવું જોઈએ. **નોંધ** :- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોઈ તેવા ઉમેદવારનું ઓનલાઈન અરજીપત્રક જામનગર મહાનગરપાલિકા વિચારણામાં લેશે અને જો નિમણુક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણુક આપશે.

## ૭. વયમર્યાદા :-

૭.૧ ઉંમર જાહેરાતમાં દર્શાવેલ ઓનલાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

૭.૨ અરજી કરવાની છેલ્લી તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ઉમેદવારની લઘુત્તમ વયમર્યાદા ૧૮ વર્ષથી ઓછી ન હોવી જોઈએ; ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ અનુસાર અગાઉથી ગુજરાત સરકારશ્રીની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

૭.૩ જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

૭.૪ જાહેરાત ક્રમાંક : ૦૫, ૦૬ અને ૦૯/૨૦૨૬-૨૭ સિવાયની જગ્યાઓ માટે જો જામનગર મહાનગરપાલિકાના કાયમી / કોન્ટ્રાક્ટ બેઇઝ / ફિક્સ પગારના કર્મચારીઓ અરજદાર થાય તો તેમના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ ૪૫ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

| | | |
|---|---|---|
| ૧ | મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના પુરુષ ઉમેદવારો | ૫(પાંચ) વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | ૧૦(દસ) વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | ૫(પાંચ) વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિક ઉમેદવાર માટે | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા(ઓછામાં ઓછી પાંચ વર્ષની સંરક્ષણ સેવા) ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | સામાન્ય કેટેગરીના દિવ્યાંગતા ધરાવતા પુરુષ ઉમેદવારો | ૧૦(દસ) વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | સામાન્ય કેટેગરીના દિવ્યાંગતા ધરાવતા મહિલા ઉમેદવારો | ૧૫(પંદર) વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૭ | અનામત કેટેગરીના દિવ્યાંગતા ધરાવતા પુરુષ ઉમેદવારો | ૧૫(પંદર) વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૮ | અનામત કેટેગરીના દિવ્યાંગતા ધરાવતા મહિલા ઉમેદવારો | ૨૦(વીસ) વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| જગ્યાનું નામ | અરજી કર્યાની છેલ્લી તારીખ મુજબ વયમર્યાદા |
|---|---|
| ૦૫/૨૦૨૬-૨૭ ગાયનેકોલોજિસ્ટ વર્ગ-૧ | ૧૮ વર્ષ થી ૪૦ વર્ષ |
| ૦૬/૨૦૨૬-૨૭ પીડીયાટ્રીશીયન વર્ગ-૧ | ૧૮ વર્ષ થી ૪૦ વર્ષ |
| ૦૭/૨૦૨૬-૨૭ ફૂડ એનાલીસ્ટ વર્ગ-૨ | ૧૮ વર્ષ થી ૪૦ વર્ષ |
| ૦૮/૨૦૨૬-૨૭ મેડીકલ ઓફિસર વર્ગ-૨ | ૧૮ વર્ષ થી ૩૫ વર્ષ |
| ૦૯/૨૦૨૬-૨૭ સ્ટાફ નર્સ વર્ગ-૩ | ૧૮ વર્ષ થી ૪૦ વર્ષ |
| ૧૦/૨૦૨૬-૨૭ સિનિયર ક્લાર્ક (ટેક્સ ઇન્સ્પેકટર / રીકવરી ઓફિસર) વર્ગ-૩ | ૧૮ વર્ષ થી ૩૫ વર્ષ |
| ૧૧/૨૦૨૬-૨૭ ક્લાર્ક કમ કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટર (ફાયર પ્રિવેન્શન વિંગ) વર્ગ-૩ | ૧૮ વર્ષ થી ૩૫ વર્ષ |

## ૮. પગાર ધોરણ :-

નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬, તા.૨૯/૦૪/૨૦૧૦, તા.૦૬/૧૦/૨૦૧૧ તથા તા.૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ તેમજ તા.૨૦/૧૦/૨૦૧૫ તથા તા.૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧ અને છેલ્લે તા.૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૪)/ઝ.૧ અને જામનગર મહાનગરપાલિકાની નીતિ મુજબ ફિક્સ પગારથી નિમણૂક અપાશે તેમજ ઉક્ત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. ફિક્સ પગારની નીતિ સંદર્ભે ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના વખતો વખતના ઠરાવની જોગવાઈઓ લાગુ પડશે. જેની વિગતો નીચે મુજબ છે.

| જગ્યાનું નામ | અજમાયશી તરીકેનો સમયગાળો | પગાર ધોરણ | માસિક પગાર |
|---|---|---|---|
| ૦૫/૨૦૨૬-૨૭ ગાયનેકોલોજિસ્ટ વર્ગ-૧ | ૨(બે) વર્ષ | L-૧૧, ૬૭,૭૦૦ - ૨,૦૮,૭૦૦ | ૬૭,૭૦૦ + મળવાપાત્ર ભથ્થાઓ |
| ૦૬/૨૦૨૬-૨૭ પીડીયાટ્રીશીયન વર્ગ-૧ | ૨(બે) વર્ષ | L-૧૧, ૬૭,૭૦૦ - ૨,૦૮,૭૦૦ | ૬૭,૭૦૦ + મળવાપાત્ર ભથ્થાઓ |
| ૦૭/૨૦૨૬-૨૭ ફૂડ એનાલીસ્ટ વર્ગ-૨ | ૨(બે) વર્ષ | L-૯, ૫૩,૧૦૦ - ૧,૬૭,૮૦૦ | ૫૩,૧૦૦ + મળવાપાત્ર ભથ્થાઓ |
| ૦૮/૨૦૨૬-૨૭ મેડીકલ ઓફિસર વર્ગ-૨ | ૨(બે) વર્ષ | L-૯, ૫૩,૧૦૦ - ૧,૬૭,૮૦૦ | ૫૩,૧૦૦ + મળવાપાત્ર ભથ્થાઓ |
| ૦૯/૨૦૨૬-૨૭ સ્ટાફ નર્સ વર્ગ-૩ | ૫(પાંચ) વર્ષ | L-૫, ૨૯,૨૦૦ - ૯૨,૩૦૦ | **૫ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૪૦,૮૦૦/-** |
| ૧૦/૨૦૨૬-૨૭ સિનિયર ક્લાર્ક (ટેક્સ ઇન્સ્પેકટર / રીકવરી ઓફિસર) વર્ગ-૩ | ૩(ત્રણ) વર્ષ | L-૪, ૨૫,૫૦૦ - ૮૧,૧૦૦ | **૩ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૨૬,૦૦૦/-** |
| ૧૧/૨૦૨૬-૨૭ ક્લાર્ક કમ કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટર (ફાયર પ્રિવેન્શન વિંગ) વર્ગ-૩ | ૩(ત્રણ) વર્ષ | L-૨, ૧૯,૯૦૦ - ૬૩,૨૦૦ | **૩ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૨૬,૦૦૦/-** |

## ૯. શૈક્ષણિક લાયકાત :-

| જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત |
|---|---|
| **૦૫/૨૦૨૬-૨૭ ગાયનેકોલોજિસ્ટ વર્ગ-૧** | ૧. ભારત સરકાર દ્વારા માન્ય યુનિવર્સિટીમાંથી એમ.બી.બી.એસ. ડિગ્રી<br>૨. ભારત સરકાર દ્વારા માન્ય યુનીવર્સીટીમાંથી એમ.ડી. (ગાયનેકોલોજી) અથવા ભારત સરકાર દ્વારા માન્ય યુનીવર્સીટીમાંથી પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઇન ગાયનેકોલોજી.<br>૩. ગુજરાત મેડીકલ કાઉન્સિલનું રજીસ્ટ્રેશન ધરાવતા હોવા જોઈએ. |
| **૦૬/૨૦૨૬-૨૭ પીડીયાટ્રીશીયન વર્ગ-૧** | ૧. ભારત સરકાર દ્વારા માન્ય યુનિવર્સિટીમાંથી એમ.બી.બી.એસ. ડિગ્રી<br>૨. ભારત સરકાર માન્ય યુનીવર્સીટીમાંથી એમ.ડી. (પીડીયાટ્રીકસ) અથવા ભારત સરકાર દ્વારા માન્ય યુનીવર્સીટીમાંથી પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઇન પીડીયાટ્રીકસ.<br>૩. ગુજરાત મેડીકલ કાઉન્સિલનું રજીસ્ટ્રેશન ધરાવતા હોવા જોઈએ. |
| **૦૭/૨૦૨૬-૨૭ ફૂડ એનાલીસ્ટ વર્ગ-૨** | (i) holds a Bachelor's or Master's or Doctorate degree in Chemistry or Biochemistry or Microbiology or Dairy Chemistry or Agriculture Science or Animal Science or Fisheries Science or Biotechnology or Food Saftey or Food Technology, Food and Nutrition or Dairy Technology or Oil Technology or Veterinary Sciences from a University established in India by law or is an associate of the Institution of Chemists (India) by examination in the section of Food Analysts conducted by the Institution of Chemists (India) or any other equivalent qualification notified by the Food Authority with the prior approval of the Central Government and has not less than three years' experience in the analysis of food; and<br>(ii) Has been declared qualified for appointment as a Food Analyst by a board appointed and notified by the Authority. |

| જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત |
|---|---|
| ૦૮/૨૦૨૬-૨૭<br>મેડીકલ ઓફિસર વર્ગ-૨ | ૧. સરકાર દ્વારા માન્ય યુનિવર્સીટીના એમ.બી.બી.એસ. અને<br>૨. ગુજરાત મેડીકલ કાઉન્સિલ એક્ટ-૧૯૬૭ હેઠળ મેડીકલ કાઉન્સિલ ઓફ ઇન્ડીયાનું રજીસ્ટ્રેશન કર્યાનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ. |
| ૦૯/૨૦૨૬-૨૭<br>સ્ટાફ નર્સ વર્ગ-૩ | ૧. ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્યતા પ્રાપ્ત ઇન્સ્ટીટયુટમાંથી બેઝીક B.Sc. (નર્સિંગ) ની ડીગ્રી અથવા<br>૧. માન્ય યુનીવર્સીટીમાંથી ડીપ્લોમાં ઇન જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરીનો કોર્ષ પાસ |
| ૧૦/૨૦૨૬-૨૭<br>સિનિયર ક્લાર્ક (ટેક્સ ઇન્સ્પેક્ટર / રીકવરી ઓફિસર) વર્ગ-૩ | ૧. માન્ય યુનિ.ના ગ્રેજ્યુએટ<br>૨. આવી જવાબદારીવાળી જગ્યાનો ૧ વર્ષનો અનુભવ |
| ૧૧/૨૦૨૬-૨૭<br>ક્લાર્ક કમ કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટર (ફાયર પ્રિવેન્શન વિંગ) વર્ગ-૩ | ૧. માન્ય યુનિવર્સીટીનાં સ્નાતક અને સી.સી.સી. કોર્ષ પાસ.<br>૨. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ માં દર્શાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટર ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ. |

## ૧૦. અરજી પત્રક :-

૧૦.૧ જો એક કરતાં વધુ જગ્યાઓ માટે અરજી કરવાની હોય તો દરેક જગ્યા માટે ઉમેદવારે ફરજીયાત અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક જગ્યા માટે કરેલ અરજી કન્ફર્મ કર્યેથી ફી ભરવાની રહેશે. ઓનલાઈન અરજી સાથે કોઈ પ્રમાણપત્રો કે દસ્તાવેજ અપલોડ કરવાના રહેશે નહી.

૧૦.૨ બિન અનામત વર્ગના, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના અને આર્થિક નબળા વર્ગના ઉમેદવારોએ રૂપિયા ૧૦૦૦/- પરીક્ષા ફી ભરવાની રહેશે. તમામ મહિલા ઉમેદવાર, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, એક્સ-સર્વિસમેન, દિવ્યાંગ ઉમેદવારો માટે પરીક્ષા ફી ૫૦% એટલે રૂપિયા ૫૦૦/- ભરવાની રહેશે

૧૦.૩ અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં અનામત કેટેગરીના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

૧૦.૪ જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

૧૦.૫ જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

૧૦.૬ જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે, કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

૧૦.૭ લેખિત પરીક્ષાના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે જામનગર મહાનગરપાલિકા જણાવે ત્યારે જરૂરી પ્રામાણપત્રો / દસ્તાવેજો રૂબરૂ મુલાકાત / મૌખિક ઈન્ટરવ્યું સમયે અસલમાં અને એક નકલમાં રજુ કરવાના રહેશે.

૧૦.૮ One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઈન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે. તે કરવા માત્રથી જે-તે જાહેરાત અન્વયે Online Application (ઓનલાઈન અરજી) કરેલ ગણાશે નહિ.

૧૦.૯ ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ત્યારબાદ જ ઓનલાઈન અરજી કરવી. ઓનલાઈન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે.

૧૦.૧૦ ઓનલાઈન અરજી કરવાની સમયમર્યાદા બાદ કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત / વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. ઉમેદવારો દ્વારા ઓનલાઈન અરજી ફોર્મ ભરતી વખતે પોતાની જે જાતિ (મેલ / ફીમેલ) અને કેટેગરી (બિન અનામત, સા.શૈ.પ.વ., અનુ.જાતિ, અનુ.જનજાતિ, આ.ન.વ. વગેરે) જે દર્શાવેલ હશે સમગ્ર ભરતી પ્રક્રિયા માટે તે જ આખરી ગણવામાં આવશે અને નિમણુંક પ્રક્રિયા તેને આધારે જ કરવામાં આવશે. ત્યારબાદ ઓનલાઈન અરજીપત્રકની કોઈ પણ વિગતોમાં ફેરફાર કરવાની એક પણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

૧૦.૧૧ જો ઉમેદવારે કોઈ એક સંવર્ગ માટે એક કરતા વધારે સંખ્યામાં અરજી કરેલ હશે તો તેવા કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે.

૧૦.૧૨ ઉમેદવાર ઓનલાઈન અરજીપત્રકમાં જે ફોટો UPLOAD કરે છે તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતા વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાતની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે તેમજ જામનગર મહાનગરપાલિકા માંગે ત્યારે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે. (ઉદાહરણ તરીકે, પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે). ઉમેદવારે આવો ફોટો તાજેતરમાં જ પડાવેલો હોવો જરૂરી છે, જેથી ભરતી / નિમણુકના વિવિધ તબક્કે ઓળખ પ્રસ્થાપિત કરવામાં કોઈ મુશ્કેલી ન અનુભવાય.

## ૧૧. જન્મ તારીખ :-

૧૧.૧ જામનગર મહાનગરપાલિકા જન્મ તારીખના પુરાવા માટે જન્મ તારીખનો દાખલો, એલ.સી. અથવા ધો.-૧૦ (SSC) ની માર્કશીટ માન્ય ગણશે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઈએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ.......છે. જે એસ.એસ.સી.ઈ. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મ તારીખ કરતા જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા (CREDIBILITY) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય જામનગર મહાનગરપાલિકા દ્વારા લેવામાં આવશે. જે ઉમેદવારને બંધનકર્તા રહેશે.

૧૧.૨ ઉમેદવારે ઓનલાઈન અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઈ પણ કારણસર ફેરફાર થઈ શકશે નહીં.

## ૧૨. શૈક્ષણિક લાયકાત :-

૧૨.૧ આ જાહેરાત અન્વયે રૂબરૂ મુલાકાત પહેલાં જામનગર મહાનગરપાલિકા દ્વારા જે તારીખ નિયત કરવામાં આવે તે તારીખ સુધીમાં ઉમેદવાર ભરતી નિયમો મુજબની નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૧૨.૨ ઉમેદવારની શૈક્ષણિક લાયકાત જાહેરાતમાં જે જગ્યાએ ***"માન્ય યુનિવર્સિટી" શબ્દ લખેલ છે તેનો અર્થ ભારતમાં કેન્દ્ર અથવા રાજ્યના કાયદા હેઠળ સ્થાપિત / સમાવિષ્ટ યુનિવર્સિટીમાંથી મેળવેલી સ્નાતકની પદવી; અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન એક્ટ, 1956 ની કલમ 3 હેઠળ યુનિવર્સિટી તરીકે માન્યતા પ્રાપ્ત અથવા 'ડીમ્ડ યુનિવર્સિટી' (યુનિવર્સિટી સમાન ગણાતી સંસ્થા) તરીકે જાહેર કરાયેલી અન્ય કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી હોવી જોઈએ તો જ શૈક્ષણિક લાયકાત માન્ય ગણાશે.***

૧૨.૩ ઉમેદવારે જામનગર મહાનગરપાલિકા દ્વારા રજુ કરવા જણાવ્યેથી ઓનલાઈન અરજીપત્રક સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર) અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

૧૨.૪ શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારોનો હક દાવો સ્વીકારવામાં આવશે નહી.

૧૨.૫ જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ માન્ય ગણાશે, તેવી જોગવાઈ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

૧૨.૬ માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકા (%) માં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન રજુ કરવાનું રહેશે.

૧૨.૭ ઉમેદવાર દ્વારા વિદેશની યુનીવર્સીટીની પદવી મેળવેલ હશે તો તેવી પદવી ભારતમાં માન્યતા / સમકક્ષતા ગણવા અંગે યુનીવર્સીટી ગ્રાન્ટ્સ કમીશનના જરૂરી આધાર / પુરાવા રજુ કરવાના રહેશે. ડોક્યુમેન્ટ વેરીફીકેશનના કાર્યક્રમની સમય મર્યાદામાં આ અંગેના આધાર / પુરાવાઓ રજુ કરવાની જવાબદારી સબંધિત ઉમેદવારની રહેશે. આ બાબતે જામનગર મહાનગરપાલિકાની કોઈ ફરજ રહેતી નથી અને સમય મર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

## ૧૩. અનુભવ :-

૧૩.૧ આ જાહેરાત અન્વયે રૂબરૂ મુલાકાત પહેલાં જામનગર મહાનગરપાલિકા દ્વારા જે તારીખ નિયત કરવામાં આવે તે તારીખ સુધીમાં ઉમેદવાર ભરતી નિયમો મુજબ નિયત માંગેલ અનુભવ ધરાવતા હોવા જોઈએ.

૧૩.૨ જાહેરાતમાં અન્યથા જોગવાઈ કરવામાં ન આવી હોઈ તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી અનુભવ ગણવામાં આવશે.

૧૩.૩ ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઈ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી. જો ઉમેદવાર દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજુ કરવામાં આવશે નહી, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર/વિગતોના આધારે જામનગર મહાનગરપાલિકા નિર્ણય કરશે જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

૧૩.૪ અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન ચાર્જ (મૂળ હોદા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહી. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ અનુભવ માન્ય રાખવામાં આવશે નહીં.

૧૩.૫ અનુભવ જરૂરી હોય તેવી તમામ જગ્યાઓની લેખિત પરીક્ષા બાદ ડોક્યુમેન્ટ વેરીફીકેશન / મૌખિક ઈન્ટરવ્યુંને પાત્ર ઠરેલ ખાનગી ક્ષેત્ર(સરકાર તથા બોર્ડ, નિગમ, કોર્પોરેશન સિવાયની સંસ્થાઓકે જ્યાં સામાન્ય વહિવટ વિભાગ, ગાંધીનગર દ્વારા નિયત થયેલ

અનુભવનું પ્રમાણપત્ર લાગુ પડતું નથી) નો અનુભવ ધરાવતા ઉમેદવારોએ જાહેરાતની જોગવાઈઓ મુજબ અનુભવના નિયત પ્રમાણપત્ર સાથે લાગુ પડતા તમામ જરૂરી દસ્તાવેજો / પ્રમાણપત્ર સાથે ભરતી નિયમો મુજબ માંગેલ અનુભવના પ્રમાણપત્રની ખરાઈ માટે અનુભવના સમયગાળા દરમ્યાનનું Salary Account નું Bank Statement અને ફોર્મ-૧૬ (ભાગ-A અને B) અથવા Income Tax Return (ITR) જામનગર મહાનગરપાલિકા દ્વારા જણાવવામાં આવે ત્યારે રજુ કરવાના રહેશે.

## ૧૪. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ કેટેગરીના ઉમેદવારો માટેની સામાન્ય સૂચનાઓ :-

૧૪.૧ મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ અને અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

૧૪.૨ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો ઓનલાઈન અરજીપત્રકમાં અચૂક આપવી.

૧૪.૩ ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહીં હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

૧૪.૪ અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્ર જામનગર મહાનગરપાલિકા દ્વારા માંગવામાં આવે ત્યારે અચૂક રજુ કરવાનું રહેશે. જાતિ પ્રમાણપત્રનું પ્રમાણપત્ર રજુ નહિ કર્યેથી ઉમેદવારી રદ થવાને પાત્ર બનશે.

૧૪.૫ અનામત વર્ગના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ કેટેગરીના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતોવખત નિયત કરેલ નમૂનામાં અને સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલ હોવું જોઈએ.

૧૪.૬ અનામત વર્ગના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં કે અન્ય કોઈ છૂટછાટ / લાભો મળવાપાત્ર થશે નહિ.

૧૪.૭ સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત્ વય મર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

૧૪.૮ ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં વિગતો ભરતા સમયે જાતિ(કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે અને તે અરજીપત્રક Confirm થયેથી જાતિ(કેટેગરી) માં પાછળથી કોઈ પણ ફેરફાર કરવાની કોઈ પણ પ્રકારની રજૂઆત / વિનંતી ધ્યાને લેવામાં આવશે નહીં. આથી જો ઉમેદવારને અરજીપત્રકની કોઈ વિગતોમાં ફેરફાર કરવો હોય તો તેઓએ ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ પહેલા સાચી વિગત સાથે પુનઃ ઓનલાઈન અરજી કરીને તે Confirmation Number માટે નિયત ફી ભરવાની રહેશે.

૧૪.૯ જો કોઈ અનામત કેટેગરીના ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજુ કરેલ નહિ હોય તો તે સંજોગોમાં અનામત કેટેગરીના ઉમેદવાર તરીકે કોઈ પણ છૂટછાટ ન હોવાની શરતે તે જો બિન અનામત કક્ષાના મેરીટમાં આવતો હોય તો સબંધિત જાહેરાતમાં ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ઉમેદવારને બિન અનામત ગણવામાં આવશે. પરંતુ કોઈ પણ ઉમેદવાર જો બિન અનામત તરીકે અરજી કરશે તો તેની કેટેગરી પ્રમાણપત્ર ચકાસણી કે કોઈ પણ અન્ય તબક્કે બદલવાની કોઈ પણ પ્રકારની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

## ૧૫. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ(SEBC) કેટેગરીના ઉમેદવારો :-

૧૫.૧ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહીં થતો હોય તો જ મળવાપાત્ર થશે.

૧૫.૨ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ(SEBC) કેટેગરીના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમુના "પરિશિષ્ટ-ક" મુજબનું અથવા તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક : સસપ/૧૧૦૯/૧૬૬૩/અ થી રાજ્ય સરકારની નોકરી માટે નિયત થયેલ "પરિશિષ્ટ-૪" મુજબનું ગુજરાતી નમૂનામાં નોન-ક્રીમીલેયર સર્ટીફીકેટ તા.૦૧/૦૪/૨૦૨૪ થી ઓનલાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તા.૧૭/૧૧/૨૦૨૬ સુધીમાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૧૫.૩ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૮/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક : સશપ/૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ થી ઠરાવેલ જોગવાઈઓને ધ્યાને લેતાં ઉક્ત ૧૫(૨)માં દર્શાવેલ પરિશિષ્ટ-૪ મુજબના પ્રમાણપત્રના વિકલ્પે કેન્દ્ર સરકાર હેઠળની નોકરીઓમાં અનામત માટે ભારત સરકારે ઠરાવેલ Annexure-A મુજબના નમુનામાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહિ.

૧૫.૪ ઉક્ત ૧૫(૨) મુજબનું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ(SEBC) કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં તેઓની પસંદગી થયેથી તેઓનો સમાવેશ સામાન્ય કેટેગરીના ઉમદવાર તરીકે કરવામાં આવશે.

૧૫.૫ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ(SEBC) કેટેગરીના પરિણીત મહિલા ઉમેદવારે આવું નોન-ક્રીમીલેયર સર્ટીફીકેટ તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તે ઉમેદવારની અરજી "રદ્દ" કરવામાં આવશે.

૧૫.૬ ઉમેદવારે ઉક્ત ૧૫(૨) મુજબ મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને પ્રમાણપત્ર ઇસ્યુ તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે નોન-ક્રીમીલેયર સર્ટીફીકેટની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્ર ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો આવું પ્રમાણપત્ર ધ્યાને લેવામાં આવશે નહિ. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ નિયત સમય મર્યાદાનું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો બિન અનામત ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહિ હોય તો તેઓની ઉમેદવારી "રદ્દ" થશે.

૧૫.૭ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમિયાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો જામનગર મહાનગરપાલિકાને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહીં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહીં થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈ પણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

૧૫.૮ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક : સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ "ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેના પ્રમાણપત્ર - Non Creamy Layer Certificate ની મહતમ અવધી (validity) ઈશ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાંકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સંબધીત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ કરાયેલું હોવું જોઈએ. <u>(એટલે કે, તા.૦૧/૦૪/૨૦૨૪ થી તા.૧૭/૧૧/૨૦૨૬ સુધીનું)</u> જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઈશ્યુ થયેલું હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહી.

## ૧૬. આર્થિક રીતે નબળા વર્ગ(EWS) કેટેગરીના ઉમેદવારો :-

૧૬.૧ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ અને તા.૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળા વર્ગ(EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ રાજ્ય સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. તેમજ આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવું જોઈએ. (એટલે કે, તા.૧૭/૧૧/૨૦૨૩ થી તા.૧૭/૧૧/૨૦૨૬ સુધીનું) જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલ હશે, તો જ માન્ય ગણવામાં આવશે. અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં.

૧૬.૨ ઉક્ત ૧૬(૧) માં જણાવેલ ગુજરાત સરકાર સિવાયના EWS ના પ્રમાણપત્રના વિકલ્પે ભારત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટે Income and Asset certificate ને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહિ..

૧૬.૩ આર્થિક રીતે નબળા વર્ગ(EWS) ના જે ઉમેદવારો ઉક્ત ૧૬(૧) મુજબનું પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. ગુજરાત સરકારશ્રીની યોજનાઓના લાભ હેતુના પ્રમાણપત્રને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહિ.

૧૬.૪ ઉમેદવારે ઉક્ત ૧૬(૧) મુજબ મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને પ્રમાણપત્ર ઇસ્યુ તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે અને દર્શાવેલ વિગતો મુજબનું અસલ પ્રમાણપત્ર ઉમેદવારોએ જામનગર મહાનગરપાલિકા દ્વારા માંગવામાં આવ્યેથી પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો બિનઅનામત ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહિ હોય તો તેઓની ઉમેદવારી "રદ્દ" થશે.

## ૧૭. માજી સૈનિક :-

૧૭.૧ માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

૧૭.૨ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪/૦૧/૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક : GAD/ERE/e-file/1/2023/5258/G.2 ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક નિવૃત્તિનું જામનગર મહાનગરપાલિકાની તમામ સીધી ભરતીની જગ્યાઓ પર ઉમેદવારી કરી શકશે.

૧૭.૩ જામનગર મહાનગરપાલિકા દ્વારા માંગવામાં આવ્યેથી માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અચૂક રજુ કરવાની રહેશે. જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ

યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડિંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

૧૭.૪ માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન" ની છેલ્લા વર્ષની બાકી રહેલ સેવા/શરતો પરિપૂર્ણ થયા બાદ સબંધિત નવી સેવામાં હાજર થવાનું રહેશે.

૧૭.૫ માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલા ઉમેદવારોને તેઓની સબંધિત જે-તે કેટેગરી સામે સરભર કરવામાં આવશે.

૧૭.૬ માજી સૈનિક ઉમેદવારો કે જેઓને નૌકાદળ / હવાઈદળ / ભૂમિદળની ઓછામાં ઓછા ૬(છ) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ સત્તાધિકારીનું ઓળખકાર્ડ અને ડીસ્ચાર્જબુક ધરાવતા હોય તો સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૧૮ ના જાહેરનામાં ક્રમાંક : GS/2018-(2)-RES-1085/3433/G-2 ની જોગવાઈ મુજબ ઉપલી વયમર્યાદામાં તેઓને બજાવેલી ફરજનો સમયગાળો ઉપરાંત, ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે.

૧૭.૭ તાજેતરના ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૨૪/૦૭/૨૦૨૬ ના ઠરાવ ક્રમાંક : UDUHD/MSM/e-file/18/2025/1660/P Section થી થઇ આવેલ સુચના મુજબ સામાન્ય વહિવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૧૮ ના જાહેરનામાંથી પ્રસિદ્ધ થયેલ The Gujarat Ex-Servicemen (Recruitment of State Civil Services and Posts) Rules, 2018 ની તમામ જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાના ભાગરૂપે જાહેરાત ક્રમાંક : ૦૯/૨૦૨૬-૨૭ સ્ટાફ નર્સ સંવર્ગમાં ૧(એક) માજી સૈનિકની જગ્યા અનામત રાખવામાં આવેલ છે. જો આ જગ્યા ઉપર એક પણ માજી સૈનિક ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તેવા કિસ્સામાં આ જગ્યા અન્ય ઉપલબ્ધ ઉમેદવારોમાંથી મેરીટમાં અગ્રતાક્રમ ધરવતા ઉમેદવારોને નિમણુક આપીને ભરવામાં આવશે.

## ૧૮. દિવ્યાંગ ઉમેદવારો :-

૧૮.૧ દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો (જેવી કે, દિવ્યાંગતાના પ્રમાણપત્ર નંબર અને તારીખ) દર્શાવવાની રહેશે.

૧૮.૨ સામાન્ય વહિવટ વિભાગ, ગાંધીનગરના તા.૧૭-૦૯-૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨ ની જોગવાઈ મુજબ દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,

(૨) બધિર અને ઓછું સાંભળનાર,

(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

(૪) સ્વલીનતા(Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,

(૫) બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

૧૮.૩ જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

૧૮.૪ આરોગ્ય વિભાગના તા.૧૬/૧૨/૨૦૨૫ ના પરિપત્ર ક્રમાંક : HFWD/MSM/e-file/7/2024/1833/A ની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારોએ Rights of Persons with Disabilities Rules, 2017 થી નિયત થયેલ FORM - V, VI, VII મુજબનું દિવ્યાંગતા પ્રમાણપત્ર (Disability Certificate) (જે લાગુ પડે તે મુજબ) આપવાનું રહેશે.

૧૮.૫ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેઓના તા.૨૯/૦૨/૨૦૨૪ ના પરિપત્ર કમાંક. GAD/PHA/e-file/1/2023/8017/G2-Section ની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં તા.૦૧/૧૨/૨૦૦૮ ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્રના બદલે આ સંબંધે ભારત સરકારની વખતો વખતની સૂચના/જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નિયત થયેલ સૂચનાનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

૧૮.૬ દિવ્યાંગ વર્ગના ઉમેદવારે બિન અનામત જગ્યા માટે અરજી કરી હશે ત્યારે તેઓને બિન અનામતના ધોરણો લાગુ પડશે.

૧૮.૭ દિવ્યાંગ ઉમેદવારોની અનામત રાખેલ જગ્યાઓ સામે પસંદ થયેલા ઉમેદવારોને તેઓની સબંધિત જે-તે કેટેગરી સામે સરભર કરવામાં આવશે.

૧૮.૮ જાહેરાત ક્રમાંક : ૦૯/૨૦૨૬-૨૭ સ્ટાફ નર્સ સંવર્ગના કિસ્સામાં નિયત કરવામાં આવેલ અનામત જગ્યા માટે દિવ્યાંગતા ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તેવા કિસ્સામાં આ જગ્યા અન્ય ઉપલબ્ધ ઉમેદવારોમાંથી મેરીટમાં અગ્રતાક્રમ ધરવતા ઉમેદવારોને નિમણુક આપીને ભરવામાં આવશે એટલે કે, જગ્યા ખાલી રાખવામાં આવશે નહિ.

૧૮.૯ BA તથા BL પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ધરાવતા ઉમેદવારોની નિમણુક સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯-૦૬-૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક : SJED/DIA/e-file/17/2023/1761/CHH-1 Section ની શરતોને આધીન રહેશે.

૧૮.૯.૧. બંને હાથ અને બંને પગની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ કોઈ કૃત્રિમ અવયવની મદદ સાથે કે તેના વિના સામાન્ય વ્યક્તિની જેમ હલનચલન કરવા તેમજ ફરજ બજાવવા સક્ષમ હોવો જોઈએ.

૧૮.૯.૨. આવા ઉમેદવાર લેખિત પરીક્ષા પાસ કરે ત્યારબાદ જે-તે સંવર્ગની ફરજો અને જવાબદારીઓ અનુરૂપ કામગીરી કરવા માટે તે ઉમેદવાર સક્ષમ છે કે કેમ તે અંગે મેડીકલ બોર્ડનો અભિપ્રાય મેળવવામાં આવશે અને આ અભિપ્રાયના આધારે તેમને નિમણુક માટે લાયક ગણવા કે નહિ તે નક્કી કરવામાં આવશે.

ઉક્ત જગ્યાઓ પૈકી નીચે દર્શાવેલ જે-તે જગ્યાની સામે દર્શાવ્યા મુજબની શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવાપાત્ર છે.

| ક્રમ | જગ્યાનું નામ | દિવ્યાંગો માટે અનામત | દિવ્યાંગતાનો પ્રકાર | | | |
|---|---|---|---|---|---|---|
| | | | A (40-70%) | B (40-70%) | C (40-70%) | D & E (40-70%) |
| ૧. | ૦૫/૨૦૨૬-૨૭ ગાયનેકોલોજિસ્ટ વર્ગ-૧ | ૦૦ | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, SD, SI | ASD(M), SLD, MI MD involving (a) to (d) above |
| ૨. | ૦૬/૨૦૨૬-૨૭ પીડીયાટ્રીશીયન વર્ગ-૧ | ૦૦ | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, SD, SI | ASD(M), SLD, MI MD involving (a) to (d) above |
| ૩. | ૦૭/૨૦૨૬-૨૭ ફૂડ એનાલીસ્ટ વર્ગ-૨ | ૦૦ | - | D, HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy | MD involving (b) to (c) above |
| ૪. | ૦૮/૨૦૨૬-૨૭ મેડીકલ ઓફિસર વર્ગ-૨ | ૦૦ | - | - | OA, OL, BL, LC, Dw, AAV | SLD, MD involving (c) above |
| ૫. | ૦૯/૨૦૨૫-૨૬ સ્ટાફ નર્સ વર્ગ-૩ | ૦૧ | LV | - | OL, CP, LC, Dw, AAV, OA, BA, BL, SD, SI | SLD, MI MD involving (a) to (d) above |
| ૬. | ૧૦/૨૦૨૬-૨૭ સિનિયર ક્લાર્ક (ટેક્સ ઇન્સ્પેક્ટર / રીકવરી ઓફિસર) વર્ગ-૩ | ૦૦ | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, CP, LC, Dw, AAV | ASD(M), SLD, MI MD involving (a) to (d) above |
| ૭. | ૧૧/૨૦૨૬-૨૭ ક્લાર્ક કમ કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટર (ફાયર પ્રિવેન્શન વિંગ) વર્ગ-૩ | ૦૦ | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy | ASD(M), SLD, MI, MD involving (a) to (d) above |

- PH CATEGORY ABBREVIATIONS USED:
- B=Blind, LV=Low Vision, D=Deaf, HH= Hard of Hearing, OA=One Arm, OL=One Leg, BA=Both Arms, BL=Both Leg, OAL=One Arm and One Leg, BLOA=Both leg & one arm , BLA=Both Legs Arms, CP=Cerebral Palsy, LC=Leprosy Cured, Dw =Dwarfism, AAV=Acid Attack Victims, MDy=Muscular Dystrophy, SD= Spinal Deformity, SI= Spinal Injury, BLOA= Both Legs One Arm
- ASD = Autism Spectrum Disorder (M= Mild, MoD= Moderate), ID= Intellectual Disability, SLD= Specific Learning Disability, MI= Mental Illness, MD=Multiple Disabilities

## ૧૯. મહિલા ઉમેદવાર :-

૧૯.૧ મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

## ૨૦. વિધવા ઉમેદવાર :-

૨૦.૧ ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું.

૨૦.૨ વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજૂ કરવાની રહેશે.

૨૦.૩ સામાન્ય વહિવટ વિભાગના તા.૦૧-૦૮-૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેઓને MCQ-OMR પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના ૫(પાંચ) ટકા (%) ગુણ ઉમેરી આપવામાં આવશે પરંતુ તેઓએ નિમણુક સમયે પુનઃલગ્ન કરેલા ન હોવા જોઈએ અને તે અંગે જામનગર મહાનગરપાલિકા માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજુ કરવાના રહેશે.

૨૦.૪ વિધવા ઉમેદવારે લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના ૫(પાંચ) ટકા(%) ગુણ ઉમેરીને મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. જો કોઈ તબક્કે ઉમેદવાર પુનઃલગ્ન કરેલા ન હોવા અંગેના તમામ પુરાવા અસલમાં રજુ કરવામાં નિષ્ફળ જશે તો તેઓને આપવામાં આવેલ ૫(પાંચ) ટકા(%) ગુણનો વધારો રદ્દ કરીને મેરીટ યાદી પુનઃ નક્કી કરવામાં આવશે.

૨૦.૫ કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇ પણ તબક્કે "વિધવા" બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજૂ

કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર" તરીકેના લાભ આપવામાં આવશે.

૨૦.૬ જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, દિવ્યાંગતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

## ૨૧. ના-વાંધા પ્રમાણપત્ર :-

૨૧.૧ ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ જામનગર મહાનગરપાલિકાની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજૂર કરી ઉમેદવારી રદ્દ કરવામાં આવશે.

૨૧.૨ કેન્દ્ર સરકાર, અન્ય કોઈ પણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local Self-Government Institutions), સહકારી સંસ્થાઓ (Co-Operative Institutions/Bodies) ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮-૧૧-૧૯૮૯ ના પરિપત્ર ક્રમાંક : એફ.ઓ.એ-૧૦૮૮-૩૯૪૦-ગ.૨ થી નિયત કરવામાં આવેલ નમૂનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" અચૂક મેળવી લેવું અને રૂબરૂ મુલાકાત સમયે જામનગર મહાનગરપાલિકા દ્વારા માંગવામાં આવ્યેથી ઉમેદવારે અસલમાં રજૂ કરવાનું રહેશે.

## ૨૨. પરીક્ષા પદ્ધતિ :-

૨૨.૧ સદરહુ જાહેરાતના સંદર્ભમાં આવેલ અરજીઓની સંખ્યા અને જગ્યાની સંખ્યાને ધ્યાને રાખીને કમિશનરશ્રી, જામનગર મહાનગરપાલિકા દ્વારા નક્કી થયેથી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટેની પરીક્ષા એક તબક્કામાં હેતુલક્ષી MCQ (Multiple Choice Question) પ્રકારના પ્રશ્નોવાળી CBRT / OMR (Computer Based Response Test / Optical Mark Recognition) પદ્ધતિની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

૨૨.૨ પ્રશ્નપત્રનું લેવલ લગત જગ્યાની શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે.

૨૨.૩ લેખિત પરીક્ષા માટે ઉમેદવારોની સંખ્યાને ધ્યાને રાખીને જામનગર મહાનગરપાલિકા દ્વારા જે પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવે તે પરીક્ષા કેન્દ્રો ઉપર ઉમેદવારે પરીક્ષા આપવાની રહેશે.

૨૨.૪ લેખિત પરીક્ષાની જાહેરાત, તારીખ, અભ્યાસક્રમ, પરીક્ષા પદ્ધતિ, કોલ લેટર, મૌખિક ઈન્ટરવ્યું વગેરેની માહિતી જામનગર મહાનગરપાલિકાની અધિકૃત વેબસાઇટ **https://www.mcjamnagar.com** ના રિક્રુટમેન્ટ સેક્શન પર મૂકવામાં આવશે.

૨૨.૫ ઉમેદવારે લેખિત પરીક્ષા / મૌખિક ઈન્ટરવ્યુંના સ્થળે સ્વ-ખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.

## ૨૩. ગેરલાયક ઉમેદવાર :-

જામનગર મહાનગરપાલિકા, ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગતો અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૨૪. ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો ઉમેદવારના રૂબરૂ ડોક્યુમેન્ટ વેરીફીકેશનમાં આધાર-પુરાવાઓ રજુ કરવાના રહેશે.

## ૨૫. અગત્યની જોગવાઇઓ :-

૨૫.૧ સીધી પસંદગીથી ભરતી અન્વયેની જામનગર મહાનગરપાલિકાની જાહેરાત માટે સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા યોજવામાં આવશે. જેના પરિણામના આધારે, જામનગર મહાનગરપાલિકાએ નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારો પાસેથી અરજી પત્રક અને જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો મંગાવવામાં આવશે. પાત્ર ઉમેદવારો પૈકી, લેખિત પરીક્ષાના પરિણામના ગુણ પ્રમાણે, જામનગર મહાનગરપાલિકાએ નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારોને રૂબરૂ ડોક્યુમેન્ટ વેરિફિકેશન / મૌખિક ઈન્ટરવ્યું માટે બોલાવવામાં આવશે. આ કસોટીનું માધ્યમ જામનગર મહાનગરપાલિકા નિયત કરે તે મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી અથવા બંને રહેશે. લેખિત પરીક્ષા સામાન્યતઃ ગાંધીનગર/ અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. લેખિત પરીક્ષા અને મૌખિક ઈન્ટરવ્યું (લાગુ પડતા સંવર્ગો માટેનું) માં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

૨૫.૨ લેખિત પરીક્ષામાં જામનગર મહાનગરપાલિકાએ નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે, જો કોઈ ઉમેદવાર લેખિત પરીક્ષામાં જામનગર મહાનગરપાલિકાએ નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવી શકશે નહીં તો તેને ડોક્યુમેન્ટ વેરિફિકેશન / મૌખિક ઈન્ટરવ્યું માટે પાત્રતા નક્કી કરવા, અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

## ૨૬. રૂબરૂ મુલાકાત :-

૨૬.૧ રૂબરૂ ડોક્યુમેન્ટ વેરિફિકેશન / મૌખિક ઈન્ટરવ્યું જામનગર મહાનગરપાલિકા ખાતે જ લેવામાં આવશે. રૂબરૂ ડોક્યુમેન્ટ વેરિફિકેશન / મૌખિક ઈન્ટરવ્યું માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજિયાતપણે ઉપસ્થિત થવાનું રહેશે.

૨૬.૨ રૂબરૂ ડોક્યુમેન્ટ વેરિફિકેશન / મૌખિક ઈન્ટરવ્યુંના દિવસે જામનગર મહાનગરપાલિકા દ્વારા નિર્ધારિત કરાયેલા અસલ પ્રમાણપત્રો ચકાસણી માટે રજૂ કરવાના રહેશે તથા આ પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલો (Self-Attested Copies) જામનગર મહાનગરપાલિકા ખાતે જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્રો રજુ કરશે નહીં તો તેઓ ડોક્યુમેન્ટ વેરિફિકેશન / મૌખિક ઈન્ટરવ્યું માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

## ૨૭. માન્ય રમત ગમતના વધારાના ગુણ મેળવવા માટેની લાયકાત :-

૨૭.૧ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૧-૦૨-૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૨૦૧૩/૨૪૨૭૯૨/ગ.૨ થી ઠરાવેલ જોગવાઈ અનુસાર એથલેટીક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહીત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફૂટબોલ, હોકી, સ્વીમીંગ, ટેબલ ટેનીસ, વોલીબોલ, ટેનીસ, વેઇટલીફટીંગ, રેસલિંગ, બોક્સિંગ, સાઈકલીંગ, જીમ્નેસ્ટીક્સ, જુડો, રાઈફલ શુટિંગ, કબડ્ડી, ખો-ખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકૂદમાં (૧) રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા (૨) આંતર યુનીવર્સીટી અથવા (૩) અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલું હોય, તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા આપવા માટે લેખિત પરીક્ષાના કુલ ગુણમાંથી મેળવેલ ગુણના ૫(પાંચ) ટકા(%) ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉક્ત ત્રણ પૈકીની કોઈ એક સ્પર્ધામાં ઉમેદવારોએ ભાગ લીધેલ હોય તેવા જ ઉમેદવારોએ ઓનલાઈન અરજી પત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. ઉક્ત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી, તેવા ઉમેદવારોએ ઓનલાઈન અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહિ. ઉક્ત ત્રણ સ્તર પૈકીની કોઈ એક સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ ઉમેદવારોએ સરકારના તા.૨૫/૦૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૦૧/૦૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલું જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવારો જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે.

૨૭.૨ ઉમેદવારોએ લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના ૫(પાંચ) ટકા(%) ગુણ ઉમેરીને મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. જો કોઈ તબક્કે ઉમેદવાર માન્ય કક્ષાનું માન્ય રમતનું પ્રમાણપત્ર ન હોવાનું સ્થાપિત થશે તો તેઓને આપવામાં આવેલ ૫(પાંચ) ટકા(%) ગુણનો વધારો રદ્દ કરીને મેરીટ પુનઃનક્કી કરવામાં આવશે.

૨૭.૩ સરકારશ્રી દ્વારા નિયમિત ભરતીમાં છુટછાટ મુકીને વર્ગ-૩ ની જગ્યાઓ પર રમતવીરોને પસંદગી આપવાના વખતો-વખતના સુધારા ઠરાવોની જોગવાઈઓ લાગુ પડશે.

## ૨૮. શૈક્ષણિક લાયકાત / વયમર્યાદા / અન્ય લાયકાત માટે નિર્ધારિત તારીખ :-

૨૮.૧ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, ઉન્નત વર્ગોમાં સમાવેશ ન થતા હોવાનું પ્રમાણપત્ર(નોન ક્રીમીલેયર સર્ટીફીકેટ), આર્થિક રીતે નબળા વર્ગનું પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર, અન્ય જરૂરી લાયકાત અને અન્ય જરૂરી લાગે તેવા પ્રમાણપત્રો જે અહી દર્શાવેલ નથી પરંતુ એપોઇન્ટમેન્ટ ઓથોરીટી નક્કી કરે તેના માટે તા.૧૭/૧૧/૨૦૨૬ ની સ્થિતિ ધ્યાને લેવામાં આવશે.

## ૨૯. નિમણૂક :-

૨૯.૧ ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત/અનુભવ/ઉંમર વગેરેના સમર્થનમાં રજૂ કરેલ પ્રમાણપત્રો કોઇ પણ તબક્કે અયોગ્ય માલૂમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ જો નિમણૂક અપાઈ ગયેલ હશે તો પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહીને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજૂ કરેલા પ્રમાણપત્રો ખૂબ જ ચોકસાઈથી પૂર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ ઓનલાઈન અરજીપત્રક ભરવું / રૂબરૂ મુલાકાત સમયે રજુ કરવા.

## ૩૦. પસંદગી પ્રક્રિયા :-

૩૦.૧ ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનીસીપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ ની કલમ-૫૪ હેઠળ વિહિત કરાયેલ જામનગર મહાનગરપાલિકાની સ્ટાફ સિલેકશન કમિટી દ્વારા પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

૩૦.૨ જામનગર મહાનગરપાલિકા દ્વારા રાજ્ય સરકારનાં પ્રવર્તમાન નિયત ધોરણો અનુસરીને પ્રતિક્ષાયાદી બનાવવામાં આવશે. પ્રતિક્ષાયાદી એ પસંદગી યાદી નથી જે ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

૩૦.૩ ઉપરોકત તમામ જગ્યાઓની પસંદગી પ્રક્રિયા જેમાં પરીક્ષા પધ્ધતિ, લેખિત પરીક્ષા તેમજ મૌખિક ઈન્ટરવ્યું બાબતે અલગથી જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર નોટીસ પ્રસિધ્ધ કરી ઉમેદવારોને જાણ કરવામાં આવશે. જેથી આ જગ્યાઓ માટે અરજી કરનાર ઉમેદવારોએ જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ www.mcjamnagar.com સમયાંતરે જોતા રહેવા ભલામણ કરવામાં આવે છે.

## ૩૧. કોમ્પ્યુટરની જાણકારી :-

૩૧.૧ ઉમેદવાર રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહિવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫ થી નક્કી કરેલા અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈ પણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનીવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર

જ્ઞાન અંગેના કોઈ પણ ડીપ્લોમાં / ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલા હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટર એક વિષય તરીકે હોવા સાથેની પાસ કરેલી હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ. જો કે, આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણુક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણુક મેળવતા પહેલા અચૂક રજુ કરવાનું રહેશે અન્યથા નિમણુક મેળવવાને પાત્ર થશે નહિ તેમજ નિમણુક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી "રદ્દ" કરશે.

## ૩૨. પરીક્ષા ફી :-

૩૨.૧ ફોર્મ ભરતી વખતે પોતાની કેટેગરી સિલેક્ટ કરી ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.

૩૨.૨ બિન અનામત, સા.શૈ.પ.વર્ગ તથા આર્થિક નબળા વર્ગના પુરુષ ઉમેદવાર માટે પરીક્ષા ફી રૂપિયા ૧૦૦૦/- રહેશે.

૩૨.૩ તમામ મહિલા ઉમેદવાર, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, એક્સ-સર્વિસમેન, દિવ્યાંગ ઉમેદવારો માટે પરીક્ષા ફી ૫૦% એટલે રૂપિયા ૫૦૦/- ભરવાની રહેશે.

૩૨.૪ ઉમેદવારોએ પરીક્ષા ફી માત્ર ઓનલાઈન માધ્યમથી જમા કરાવવાની રહેશે. અન્ય કોઈ પણ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી.

૩૨.૫ પરીક્ષાની અરજી ફી ઓનલાઈન જમા કરાવવા માટે "Online Payment of Fee" ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં "Net Banking" અથવા "Other Payment Mode" ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઈ છે તેવું સ્ક્રીન પર લખાયેલું આવશે અને e-receipt મળશે જેની Print કાઢી લેવી. જો પ્રકિયામાં કોઈ ખામી હશે તો સ્ક્રીન (Screen) પર આપની ફી ભરાયેલી નથી તેમ જોવા મળશે. સંલગ્ન બેંક ચાર્જીસ ઉમેદવારે ભરવાના રહેશે. જો કોઈ ઉમેદવાર એક કરતાં વધુ અરજી માટે ફી ભરેલ હશે તો ભરેલ ફી પરત કરવામાં આવશે નહી. e-receipt તથા Confirm થયેલ અરજી પત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે તેમજ જામનગર મહાનગરપાલિકા દ્વારા મંગાવવામાં આવે ત્યારે અરજી પત્રક બિડાણો સહિત તથા e-receipt ની નકલ સાથે આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ થી મોકલવાના રહેશે અથવા જામનગર મહાનગરપાલિકાની કચેરીમાં રૂબરૂ આપી જવાના રહેશે.

૩૨.૬ ફી ભરપાઈ કર્યા બાદ કોઈ પણ સંજોગોમાં ફી પરત મળવાપાત્ર થશે નહીં અથવા બીજી પરીક્ષા માટે આવી ફી ને ધ્યાને લેવામાં આવશે નહીં.

૩૨.૭ ઓનલાઈન ફી ભરવાનો છેલ્લો સમય તા:૧૮/૧૧/૨૦૨૬ ના ૨૩:૫૯ કલાક સુધીનો રહેશે. ફી Online ભર્યેથી તુરંત જ e-receipt (ઉમેદવારની ફી ભર્યાની પહોંચ) મેળવી લેવી.

૩૨.૮ એક વખત અરજી કર્યા પછી અરજી પરત ખેંચવાની કે રદ્દ કરવાની વિનંતી કોઈ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં.

૩૨.૯ માત્ર ફી ની રકમ ભરપાઈ કર્યેથી અરજી કન્ફર્મ થયેલ ગણાશે નહિ. ફી ભર્યા બાદ ઉમેદવારે OJAS પોર્ટલ ઉપરથી ફરજીયાત પોતાની "E-RECEIPT (Candidate's Copy)" ડાઉનલોડ કરવાની રહેશે. જો "E-RECEIPT (Candidate's Copy)" ડાઉનલોડ થવા પાત્ર નહિ હોય તો તેનો અર્થ એ થશે કે ઉમેદવારની ફી અત્રે જામનગર મહાનગરપાલિકા ખાતે જમા થયેલ નથી. જેની ખાસ નોંધ લેવી.

૩૨.૧૦ Online ફી ભરવામાં ઉમેદવાર દ્વારા કોઇ પણ પ્રકારની ભૂલ કરવામાં આવશે અને ફી જામનગર મહાનગરપાલિકા ખાતે જમા ન થયેથી ઉમેદવારની લગત જગ્યા માટેની અરજી / ઉમેદવારી રદ્દ થવાને પાત્ર થશે. અને આ બાબતે ઉમેદવારની કોઈ પણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.

## ૩૩. સામાન્ય સૂચનાઓ :-

૩૩.૧ સદરહુ જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગો માટે જામનગર મહાનગરપાલિકાની સ્ટાફ સિલેકશન કમિટીને યોગ્ય જણાઈ તેવા માપદંડને આધારે જે-તે જગ્યાની બેઝીક લાયકાત અને / અથવા અનુભવ ધ્યાને લઈને મૌખિક ઈન્ટરવ્યું / લેખિત પરીક્ષા લેવા અંગેના માપદંડ નક્કી કરાશે અને આખરી પ્રતીક્ષાયાદી તૈયાર કરવામાં આવશે જે અંગેની જાણ માન્ય થયેલ અરજીના ઉમેદવારોને જામનગર મહાનગરપાલિકાની અધિકૃત વેબસાઈટના રિક્રુટમેન્ટ સેક્શનમાં પ્રસિદ્ધ કરીને તેમજ ઓનલાઈન અરજીમાં દર્શાવેલ ઈમેઈલ એડ્રેસ ઉપર ઈમેઈલ મોકલીને કરવામાં આવશે.

૩૩.૨ આ જાહેરાત કોઈ પણ કારણોસર પુરેપુરી રદ્દ કરવાની અથવા કોઈ સંવર્ગ માટેની ઉમેદવારની અરજી રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની, જગ્યા અને તેની સંખ્યામાં વધ-ઘટ કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો કમિશનરશ્રી, જામનગર મહાનગરપાલિકાને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને આ માટે કોઈ પણ જવાબ / કારણો આપવા બંધાયેલા રહેશે નહિ.

૩૩.૩ જાહેરાત અન્વયે મળેલ ઉમેદવારોની ઓનલાઈન અરજીને ધ્યાને રાખીને તમામ ઉમેદવારોને ભરતી પ્રક્રિયાના ભાગરૂપે લેખિત પરીક્ષા / મૌખિક ઈન્ટરવ્યું માટે વિચારણામાં લેવા અંગેનો નિર્ણય માન.કમિશનરશ્રી, જામનગર મહાનગરપાલિકાનો આખરી ગણાશે.

૩૩.૪ ઉપરોક્ત જગ્યાઓ માટેના ડોક્યુમેન્ટ વેરીફીકેશન / લેખિત પરીક્ષા / મૌખિક ઈન્ટરવ્યું માટે જામનગર મહાનગરપાલિકા દ્વારા જે સ્થળ સૂચવવામાં આવે ત્યાં ઉમેદવારોએ સ્વ-ખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. જેના માટે કોઈ પણ પ્રકારનું ભથ્થું જામનગર મહાનગરપાલિકા દ્વારા ચુકવવામાં આવશે નહિ.

૩૩.૫ આ જાહેરાત માટે જરૂર પડ્યેથી લેખિત પરીક્ષા / ડોક્યુમેન્ટ વેરીફીકેશન / મૌખિક ઈન્ટરવ્યું માટેની જરૂરી સૂચનાઓ જે-તે સમયે જામનગર મહાનગરપાલિકાની અધિકૃત વેબસાઈટના રિક્રુટમેન્ટ સેક્શનમાં પ્રસિદ્ધ કરવામાં આવશે તથા ઓનલાઈન અરજી પત્રકમાં ઉમેદવાર દ્વારા દર્શાવવામાં આવેલ ઈમેઈલ એડ્રેસ ઉપર ઈમેઈલ કરીને જાણ કરવામાં આવશે. જેથી ઓનલાઈન અરજી કરતી વખતે જે મોબાઈલ નંબર અને ઈમેઈલ એડ્રેસ દર્શાવેલ હોય તે ભરતી પ્રક્રિયા સંપૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવાની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે. મોબાઈલ નંબર અને ઈમેઈલ એડ્રેસ બંધ થવાથી / બદલવાથી ભવિષ્યમાં ઉપસ્થિત થનાર કોઈ પણ મુશ્કેલી / પરિસ્થિતિ માટે જામનગર મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહિ.

૩૩.૬ ઓનલાઈન અરજી કરનાર ઉમેદવાર જો નિમણુક મેળવે છે તો તેણે નિમણુક મળ્યેથી અજમાયશી સમયગાળા દરમ્યાન CCC / CCC+ (જે લાગુ પડતું હોય તે) સરકારશ્રી દ્વારા વખતોવખત જાહેર કરવામાં આવેલ સંસ્થા મારફતે પાસ કરવાની રહેશે.

૩૩.૭ જે સંવર્ગમાં રજીસ્ટ્રેશન / લાયસન્સ / સર્ટીફીકેટ ફરજીયાત હોય, તે જગ્યા માટે અરજી કરનાર ઉમેદવારે અરજી કર્યાની તારીખે નિયત સંસ્થાનું માન્ય રજીસ્ટ્રેશન / લાયસન્સ / સર્ટીફીકેટની વેલીડીટી ધરાવતા હોવા જોઈએ. આવું રજીસ્ટ્રેશન / લાયસન્સ / સર્ટીફીકેટ જ્યારે જામનગર મહાનગરપાલિકા દ્વારા માંગવામાં આવે ત્યારે અચૂક રજુ કરવાનું રહેશે.

૩૩.૮ જામનગર મહાનગરપાલિકાના અજમાયશી / કોન્ટ્રાક્ટ બેઈઝ તરીકે ફરજ બજાવતા કર્મચારી જો આ જગ્યા માટે ઉમેદવારી નોંધાવે અને નિમણુક પામે તો તેઓની તદ્દન નવી નિમણુક ગણાશે સળંગ નોકરી ગણાશે નહિ અને તે બાબતેની કોઈ પણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

૩૩.૯ મહિલા ઉમેદવાર જો ઓનલાઈન અરજી કરતા સમયે પરિણીત હોય તો ઓનલાઈન અરજીમાં લગ્ન નોંધણી (મેરેજ રજીસ્ટ્રેશન) સર્ટીફીકેટ અથવા ગવર્મેન્ટ ગેઝેટ મુજબના પોતાના પતિના નામ સાથે અરજી કરી શકશે. મહિલા ઉમેદવાર પરિણીત હોય પરંતુ લગ્ન નોંધણી (મેરેજ રજીસ્ટ્રેશન) સર્ટીફીકેટ અથવા ગવર્મેન્ટ ગેઝેટ ધરાવતા ન હોઈ તેવા ઉમેદવાર તથા અપરિણીત મહિલા ઉમેદવાર પોતાના પિતાના નામ સાથેની ઓનલાઈન અરજી કરી શકશે પરંતુ આવા ઉમેદવાર જો ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે પસંદગી પામે તો તે સમયે તેઓએ સરકારશ્રી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતું ગવર્મેન્ટ ગેઝેટ રજુ કરવું પડશે.

૩૩.૧૦ આખરી પસંદગી પામેલ ઉમેદવાર માન.કમિશનરશ્રી, જામનગર મહાનગરપાલિકા ઠરાવે તે બોલીઓ અને શરતોને આધીન નિમણુંક મેળવવાને પાત્ર થશે.

૩૩.૧૧ ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં બતાવેલી કોઈ પણ વિગત અને અસલ પ્રમાણપત્રની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરે પ્રમાણપત્રો ભવિષ્યમાં કે ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ખોટા / બનાવટી દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યાં હોય તેવા દસ્તાવેજો રજુ કરાયેલ હોવાનું માલુમ પડશે તો ઉમેદવારની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આવા ઉમેદવારની લગત જગ્યાની અને અન્ય જગ્યાઓ માટેની ઉમેદવારી રદ્દ કરવામાં આવશે / નિમણુક માટે ગેરલાયક ગણાશે. તેમજ આવા પુરાવા થકી નિમણુંક મેળવવામાં આવી હશે તો તે તાકીદની અસરથી ગમે ત્યારે રદ્દ કરવામાં આવશે તથા જરૂરી ફોજદારી પગલાં લેવાને પાત્ર થશે.

૩૩.૧૨ ઉપરોક્ત જાહેરાત ક્રમાંક : ૦૫/૨૦૨૬-૨૭ ગાયનેકોલોજિસ્ટ, ૦૬/૨૦૨૬-૨૭ પીડીયાટ્રીશીયન અને ૦૯/૨૦૨૬-૨૭ સ્ટાફ નર્સની જગ્યા ગુજરાત સરકારશ્રીના આરોગ્ય વિભાગના "ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેક્ટ" અંતર્ગતની ૧૦૦% સરકારશ્રીની ગ્રાન્ટ આધારિત જગ્યા હોય જેથી આ જગ્યા ઉપર નિમણુંક આપવામાં આવેલ ઉમેદવારોને જામનગર મહાનગરપાલિકાના સ્ટાફના જનરલ સેટઅપમાં સમાવેશ કરવામાં આવશે નહી પરંતુ તેઓ રાજ્ય સરકારશ્રીના સેટઅપનો સીધો ભાગ ગણાશે.

૩૩.૧૩ ૩૩(૧૨) માં દર્શાવેલ જગ્યાઓ રાજ્ય સરકારશ્રીના આરોગ્ય વિભાગ દ્વારા મંજુર કરવામાં આવેલ ૧૦૦% ગ્રાન્ટને આધીન ચાલુ રહેશે. રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટને આધીન બહાલી / મંજુરી મુજબ જ આ જગ્યાઓ ચાલુ રહેશે.

૩૩.૧૪ જાહેરાત ક્રમાંક : ૦૫/૨૦૨૬-૨૭ ગાયનેકોલોજિસ્ટ, ૦૬/૨૦૨૬-૨૭ પીડીયાટ્રીશીયનનાં કિસ્સામાં પ્રથમ ૨(બે) વર્ષ માટે અજમાયશી તરીકે નિમણુંક આપવામાં આવશે. તેમજ ઉક્ત જગ્યાઓના કિસ્સામાં નિયુક્તિ સમયે હાજર થતા પહેલા ઇન્ડિયન મેડીકલ કાઉન્સિલમાં કરાવેલ રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તેમજ જામનગર મહાનગરપાલિકા ખાતે નિમણુકવાળી જગ્યા ઉપર હાજર થયા બાદ ખાનગી પ્રેક્ટીસ કરી શકશે નહિ. જેની ખાસ નોંધ લેવી. ૨ વર્ષની સેવા સંતોષકારક રીતે પૂર્ણ કરનાર ઉમેદવારને જે - તે જગ્યા ઉપર નિયમિત નિમણુંક આપવા અંગે વિચારણા કરવામાં આવશે.

૩૩.૧૫ ઉમેદવાર પોતે લેખિત પરીક્ષા / મૌખિક ઇન્ટરવ્યુંમાં સફળ થયા હોવાના કારણે કે ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવામાં આવ્યેથી જે-તે લગત જગ્યા ઉપર નિમણુક માટે દાવો કરવાનો હક્કદાર થતો નથી. માન.કમિશનરશ્રી, જામનગર મહાનગરપાલિકાને પોતાને ખાતરી થાય કે, ઉમેદવાર મહાનગરપાલિકાની સેવા સારૂં યોગ્ય જણાતો નથી તો તેને પડતો મૂકી શકાશે. નિમણુક બાબતેનો માન.કમિશનરશ્રી, જામનગર મહાનગરપાલિકાનો નિર્ણય આખરી ગણાશે.

૩૩.૧૬ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહીત) અને તે અન્વયે જે-તે સંવર્ગના જામનગર મહાનગરપાલિકાના રિક્રુટમેન્ટ રૂલ્સ (ભરતી નિયમો)ને આધીન રહેશે.

૩૩.૧૭ જામનગર મહાનગરપાલિકા જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈ પણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, જામનગર મહાનગરપાલિકાના અધિકારી / કર્મચારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નીવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે, અન્ય ઉમેદવારની ઉત્તરવાહીમાંથી નકલ કરવા, ગાઈડ, કાપલી કે તેવા કોઈ પણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈ પણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લીલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણુક કરવા માટે (૧૦) પરીક્ષાનું સંચાલન કરવા માટે જામનગર મહાનગરપાલિકાએ રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈ પણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈ પણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત (ક) જામનગર મહાનગરપાલિકા, તે જે જગ્યાનો ઉમેદવાર હોય તે જગ્યાની પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે અથવા (ખ) જામનગર મહાનગરપાલિકા દ્વારા લેવામાં આવતી કોઈ પણ પરીક્ષામાં બેસવામાંથી બાકાત કરી શકશે.

તારીખ :- ૩૧ /૦૮/૨૦૨૬.

સ્થળ :- જામનગર મહાનગરપાલિકા.

કમિશનર

જામનગર મહાનગરપાલિકા

JAMNAGAR MUNICIPAL CORPORATION